સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

આપણા દબાણ તો પાલિકામાં ખોવાઈ જાય છે,
કોઈ દબાણ રાજકારણે વગોવાઈ જાય છે
દબાણ આવે છે નેતાઓ પર પદ ને પૈસાનાં -
કુદરતી દબાણમાં તો બધા ધોવાઈ જાય છે...

ટાઢમાં પણ,
પડાવે પરસેવો -
હાલત 'ઓખી'
(ઓખી = કઠીન)
કચ્છી બોલીમાં

ભટકેલાં ને -
કુદરતી થપાટ,
જગાડે શ્રદ્ધા...
(પ્રકૃતિ પરમેશ્વર)

ચિંતન

રામ નામ સબ કોઈ કહે, ઠગ, ઠાકુર ઔર ચોર,
ધ્રુવ, પ્રહલાદ સબ તર ગયે, યહિ નામ કુછ ઔર.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ ચે.

ઠગ, ઠાકુર અને ચોર બદમાશ પણ રામનું નામ ઉચ્ચારે છે, પરંતુ ધ્રુવ અને પ્રહાલ જેમનું રણ કરી ને તરી ગયા તે નામ તો કંઈક જુદું જ હતું. તે નામ કંઈ મોઢેથી ઉચ્ચારેલું નામ ન હતું. પરંતુ અંતરના એક તારથી ઉચ્ચારેલા 'રામ' નામનું પરિણામ હતું. હૃદયના ભાવથી ઉચ્ચારેલું પ્રભુનું નામ તમારા અંતરથી તેને ક્યાંય દૂર જવા નહીં દે.

કબીર કહે છે સદાય ઈશ્વરનો નાથ જોઈતો હોય તો રામનું રટણ ચાલુ રાખશો. તમને છોડીને ઈશ્વર ક્યાંક જવાનો નથી.

રામ નામથી 'પથ્થરા' પણ તરી જાય એ કહેવતમાં છૂપું રહસ્ય આ જ છે. કોઈ પણ, પાપી-પુણ્યશાળી માત્ર 'રામ'નું શરણ સ્વીકારે તો મુક્ત થઈ જાય છે.

સુવિચાર

- જે યુદ્ધમાં જોખમ નથી એ જીતવામાં કંઈ યશ નહીં - **પિટર કોર્નિલ**
- શિયાળ ચામડી બદલી શકશે, પણ ટેવ નહિં બદલી શકે - **ડેનિસ ગ્રીમ**
- કબીર આપ ઠગાઈઓ, ઔર ન ઠગિયો કોઈ, ઔર ઠગે દુઃખ નીપજે, આપ ઠગે સુખ હોઈ - **કબીર**
- ઈશ્વરના નામે જયાં નિષ્કામ ભાવે સત્કર્મ થાય તે તીર્થ છે - **અખંડ આનંદ**
- 'હું ત્યાગું છું' એવું ત્યાગનું ભાન ત્યાગના મૂલ્ય પણ પાણી ફેરવી દે છે- **જનકલ્યાણ**
- દંભ એટલે દુર્લભ તરફથી સદ્‌ગુણને થતી સલામ - **લા રોશફીસ્ડ**
- આજનું ઔષધ : તુલસીનો રસ છાસમાં પીવાથી પણ મેદ ઘટે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

જયોર્જ બર્નાડ શૉ મહાન લેખક અને ખેલદિલીના માણસ. જયાં જાય ત્યાં એમના વ્યંગ બાણથી કોઈક તો નિશાના પર આવી જ જાય. એક દિવસ એનાથી ઉલ્ટું બન્યું અને પોતે વ્યંગના શિકાર બન્યા.

બન્યું એવું કે 'શેક્સપિયર દિવસ' પર શેક્સપિયરનું લખેલું એક નાટક ભજવાતું હતું તે જોવા લંડનના ખાસ ટોચના લોકોને જ આમંત્રણ આપવામાં આવેલું તેમાં બર્નાડ શૉ પણ હતા. પહેલેથી બર્નાડ શૉ શેક્સપિયર વિશે પણ બહુ સારો અભિપ્રાય ધરાવતા ન હતા. લોકો પણ વિસ્મય નજરે બર્નાડ શૉને જોઈ રહ્યાં હતા.

ત્યારે નાટક કંપનીના માલિકે શૉ ને કહ્યું, 'પધારો, મિસ્ટ શૉ, સારું થયું કે આપ આવ્યા. મરેલા સિંહ કરતા જીવતો કૂતરો સારો ગણાય.'

બર્નાડ શૉ સમસમી ગયા પણ અવસર જોઈને તેઓ ચૂપ જ રહ્યા.

ધર્મનિરપેક્ષ પાર્ટીની મજબૂરી માટે કોણ જવાબદાર

તંત્રીસ્થાનેથી...

ઓખી વાવાજોડાએ ગુજરાતના દરિયા કિનારે ઝાઝું નુકશાન ન કર્યું પણ ચૂંટણીઘેલા નેતાઓ જરૂર બ્લૉક કરી દીધા. કુદરત ધારે તો માનવીનાં આયોજનોને વેરવિખેર કરી શકે છે એની પ્રતીતિ કરાવી દીધી. આવું જ વાવાઝોડું મતદાનના દિવસે આવી જાય તો એ કેવું ખતરનાક નીવડે ! જોકે ચૂંટણી પંચ એની સત્તા વાપરીને મતદાનની નવી મુદ્દત જરૂર પાડી શકે, પણ એથી ઘણાં સમીકરણો બદલાઈ જાય અને ધાર્યા પરિણામ ન મળે એમ પણ બને. ઓખી વાવાઝોડું તો નરમ પડી ગયું પરંતુ કપિલ સિબ્બલે અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિર બાબતે વક્ફ બોર્ડના વકીલ તરીકે રજૂ કરેલી દલીલે નવું રાજકીય વાવાઝોડું સર્જી દીધું. એમણે સુપ્રીમ કોર્ટને રામમંદિર અંગેનો ચુકાદો ૨૦૧૯ સુધી રોકી રાખવા વિનંતી કરીને કોંગ્રેસને બિન જરૂરી મૂંઝવણમાં મૂકી દીધી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે આ મુદ્દો તત્કાળ ઉછાળ્યો અને ગુજરાતમાં એનો પડઘો પડે એ રીતે એને છેલ્લા તબક્કાનો ચૂંટણી મુદ્દો બનાવી દેવાનો પ્રયાસ કર્યો છે. જો કે ડેમેજ કંટ્રોલની રૂએ કોંગ્રેસે તાબડતોબ એના રાષ્ટ્રીય પ્રવક્તા સૂરજેવાલા પાસે નિવેદન કરાવીને પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરી દીધું છે. અમિત શાહે સીધો જ રાહુલ ગાંધીને પ્રશ્ન કર્યો હતો કે કોંગ્રેસ અયોધ્યા પ્રશ્ને કેવું વલણ ધરાવે છે તેની સ્પષ્ટતા કરે. કોંગ્રેસ એના વરિષ્ઠ નેતા અને ખબર ધારાશાસ્ત્રીનું દલીલનું સમર્થન કરે તો ગુજરાતની ચૂંટણી ટાણે જ એને હિંદુ વિરોધીનું લેબલ લાગી જાય અને અત્યાર સુધી આકરી મહેનત કરી ઊભું કરેલું સાનુકૂળ વાતાવરણ રાતોરાત બગડી જાય. આથી કપિલ સિબ્બલની સુપ્રીમ કોર્ટ સમક્ષની દલીલ સાથે કિનારો કરીને કોંગ્રેસે સમયસરનું પગલું તો ભર્યું જ છે, છતાં 'બૂંદ સે ગઈ સો હોજ સે નહીં આતી' એ ન્યાયે ભાજપને ચગાવવા લાયક સમાલો તો મળી જ ગયો છે. હવે ચૂંટણી આડે બહુ ઓછા દિવસો બચ્યા છે અને સત્તાધારી ભાજપ તેમજ એના મોદી-શાહ સહિતના સ્ટાર પ્રચારકો સંભવિત પ્રતિકૂળ આ મુદ્દે રક્ષણાત્મક સ્થિતિમાં ન મુકાઈ જાય એ માટે રણદીપ સૂરજેવાલાએ સિબ્બલ વક્ફ બોર્ડના વકીલ છે અને એમણે જે દલીલ કરી છે તે એમના અસીલની માગણી હોઈ શકે છે, બાકી કોંગ્રેસ તો સુપ્રીમ કોર્ટ વહેલામાં વહેલો ચુકાદો આપે અને તે જ ચુકાદો આપે એ કોંગ્રેસને કબૂલ મંજૂર હશે એવી ચોખવટ કરી કોંગ્રેસ રામમંદિર વિરોધી નથી, એવો સંદેશ પાઠવ્યો છે. રણદીપ સૂરજેવાલાએ અગાઉ રાહુલ ગાંધીને 'જનોઈ ધારી બ્રાહ્મણ' હોવાનું પ્રમાણપત્ર બઝાવ્યું હતું અને હવે તો એમના નામ આગળ 'પંડિત'નું લટકણિયું લગાડી એમને ઉચ્ચ વર્ણના ભૂદેવ બનાવી દેવાયા છે. હિંદુત્વની આવી ઓળખ મોદી પાસે પણ નથી. તેઓ નીચલા થરના હિંદુ છે. રાજકારણમાં ધર્મની સંડોવણીનો આ તબક્કો કેવો વિચિત્ર લાગે છે ! પંડિત નહેરુ અને પંડિત રાહુલ વચ્ચેના સાત દાયકા દરમિયાન બારતની ધર્મનિરપેક્ષ લોકશાહી ક્યાંથી ક્યાં પહોંચી ગઈ છે ! કોંગ્રેસની આ ઐતિહાસિક મજબૂરી નથી તો બીજુ શું છે?

ચ્યવનપ્રાશ કેવી રીતે બનાવશો!

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

છેલ્લા બે-ત્રણ દિવસોમાં જે રીતે વાતવરણ બદલાયું છે એ જોતા શિયાળાની ખરી અસર શરૂ થઈ ગઈ છે એમ કહી શકાય. ઠંડી જોર પકડવા લાગી છે. શિયાળો આવે એટલે લોકો હેલ્થ વિષે થોડા કોન્શીયસ થઈ જાય છે. મોર્નિંગ વોક, કસરત, ફ્રુટ અને વેજીટેબલ્સના જ્યુસ, અને ચ્યવનપ્રાશ.. આ બધાનો ઉપયોગ થવા લાગે છે. આ બધી જ ટેવો એવી છે કે જેને આખુંય વરસ, વરસોવરસ ચાલુ રાખી શકાય, પણ આપણાંમાંથી મોટા ભાગના સમય જતા ફસકી પડીએ છીએ. આજે આપણે ચ્યવનપ્રાશ વિષે અમુક જાણવાલાયક બાબતો પર પ્રકાશ પાડીએ. એમ કહેવાય છે કે દેવોના વૈદ્યો અશ્વિનીકુમારોએ મહર્ષિ ચ્યવન માટે આ પ્રાશન બનાવ્યું હતું. આ પ્રાશનના ઉપયોગથી મહર્ષિ ચ્યવનનો કાયાકલ્પ થયેલો અને તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને રોગમુક્ત બન્યા હતા. આજે તો ચ્યવનપ્રાશ એ આયુર્વેદની એક મોટી બ્રાન્ડ બની ગઈ છે. આયુર્વેદની લગભગ દરેક મોટી ફાર્મસી ચ્યવનપ્રાશ બનાવે છે અને ધૂમ પૈસા ખર્ચીને તેનુ બ્રાન્ડીંગ-માર્કેટીંગ કરે છે. મોટી કંપનીઓ દ્વારા બનાવાતા ચ્યવનપ્રાશની ગુણવત્તા કેવી હશે એ એક મોટો સવાલ છે.

જો આપ ચ્યવનપ્રાશના ભાવ તરફ નજર કરો તો એક કીલોના ૧૫૦ રૂ. થી લઈને ૨૦૦૦ રૂ. સુધીની રેન્જ જોવા મળશે. ચ્યવનપ્રાશમાં પડતા અમુક દ્રવ્યોના ભાવ તરફ નજર કરીએ. મૂસળી લગભગ ૩૦૦૦ રૂ. કિલો, સફેદ મરી ૧૫૦૦ રૂ. કિલો, અક્કલકરો લગભગ ૪૦૦૦ રૂ. કિલો, આ ઉપરાંત કેસર, તેજાના, અને ગાયનું ચોખ્ખું ઘી. હજુ બીજા લગભગ પચ્ચીસેક ઓસડીયા તો ગણ્યા જ નથી. આટલું તો રો-મટિરીઅલ. એ પછી વારો આવે પ્રોસેસનો. (ચ્યવનપ્રાશ બનાવવો એ થકાવી નાખતી ઘટના છે. તેમજ બનાવતી વખતે સાવચેતી પણ જરૂરી છે.) અને છેલ્લે આ કંપનીઓ લાખો-કરોડોના ખર્ચે ફિલ્મ સ્ટારો અને ક્રિકેટરો પાસે ચ્યવનપ્રાશનું માર્કેટીંગ કરાવે તેનો ખર્ચો. હવે આ બધા ખર્ચા પછી જ્યારે કોઇ કંપની ૧૫૦ રૂ. કિલોમાં રીટેઇલ ગ્રાહકને ચ્યનપ્રાશ આપે (આમા સુપર સ્ટોકીસ્ટ, સ્ટોકિસ્ટ, અને હોલસેલરના કમિશનો પણ આવી ગયા) તો કંપનીને પોતાને આ ચ્યવનપ્રાશ કેટલામાં પડતો હશે? અને તેમા તેણે કેવા કેવા ઓસડીયાઓ નાખ્યા હશે એ તો એ કંપનીવાળા જ જાણે.

ચ્યવનપ્રાશનો ખરો ફાયદો લેવો હોય તો કાં તો તેને વિશ્વાસુ વૈદ્ય કે જે જાતે ચ્યવનપ્રાશ બનાવે છે તેની પાસેથી ખરીદવો અથવા તો ઉત્તમ એ જ કે જાતે ચ્યવનપ્રાશ બનાવી લેવો. ચ્યવનપ્રાશ જાતે બનાવવો એ માથાકુટીયું કામ છે પણ જો દિલથી કરીએ તો મજા પણ ખૂબ આવે. અમે જ્યારે કોલેજમાં આયુર્વેદનું ભણતા ત્યારે દર શિયાળે હોસ્ટેલમાં જાતે ચ્યવનપ્રાશ બનાવતા (હાલ પણ બનાવીએ છીએ) આ પ્રોસેસની મજા જ અલગ છે. તો... ચ્યવનપ્રાશ ઘરે કેવી રીતે બનાવવો? જો પાંચ કિલો આમળા લઇએ તો તેમા આશરે સાત થી સાડા સાત કિલો સાકર, અર્ધો કિલો ગાયનું ઘી અને અર્ધો કિલો મધ જોઇએ. આ ઉપરાંત તેમા પડતા ઓસડીયાઓ જેવા કે વિદારીકંદ, જેઠીમધ, અશ્વગંધા, ચવક, ચિત્રક, સુંઠ, ગળો, વજ, મૂસળી, વાંસકપૂર, બળદાણા, ભોરિંગણી, ગોખરૂ, કમળકાકડી, કપૂરકાચળી, ચંદન, સાટોડી, તુલસી, મીઠો લિમડો આદિ દરેક દ્રવ્યો પાંચ થી દસ ગ્રામની માત્રામાં લેવા. પ્રક્ષેપદ્રવ્યો અને સુગંધીદ્રવ્યો તરીકે પીપર, વંશલોચન, મરી, કેસર, એલચી, જાવંત્રી, તજ આદિ યોગ્ય માત્રામાં નાખવા. રેસા વગરના મોટા આમળાને ફૂકરમાં બાફીને માવા જેવા થાય એટલે ઠારી, ચાળણીમાં ઘસીને માવો એકઠો કરવો. આ માવાને મોટા તપેલામાં નાખી ધીમે તાપે બાળવો. સતત હલાવતા રહેવું, માવો તપેલામાં ચોંટી ન જાય તેની કાળજી રાખવી. બધું પાણી બળી જાય અને માવો કથ્થાઇ જેવા કલરનો થાય ત્યારે તેમા સાકર નાખવી. ખૂબ હલાવીને સાકરનું પાણી બાળી નાખવું અને એક રાત સુધી આ મિશ્રણને ઠરવા દેવું. બીજે દિવસે એક પછી એક ઓસડીયા નાખતા જવા, ગરમ ઘી અને મધ ઉમેરવા અને ખૂબ હલાવતા જવું. અંતે પ્રક્ષેપદ્રવ્યો ઉમેરવા. બધું જ એકરસ થઇ જાય તેટલું મિક્સ કરી કંટેનરમાં ભરી લેવું. થઇ ગયો હોમ મેડ ચ્યવનપ્રાશ રેડી. બજારૂ ચ્યવનપ્રાશ કરતા અનેક ગણા ઇફેક્ટીવ એવા હોમ મેડ ચ્યવનપ્રાશથી સ્વાસ્થ્ય તો મળશે જ પણ ચ્યવનપ્રાશની શુધ્ધતાની ખાતરી અને જાતે બનાવ્યાનો સંતોષ મળશે એ મોટું બોનસ છે.

-contact@atharvaayu.com

ભાણિયા પૂછે છે, 'મામા, મને ના ઓળખ્યો?'

મનના ઉમંગો
રણછોડ પરમાર

માયાભાઈ આહીર આપણા ખુબ સારા હાસ્યકાર છે. તેમની એક વાર્તા અત્યારે યાદ આવે છે. માયાભાઈ જેવો રંગ જમાવતા તો મને આવડે નહીં એટલે હું મારી ભાષામાં જ રજૂ કરું છું અને આશા રાખું છું કે આપને પસંદ પડશે.

એક જંગલ હતું. તેમાં એક બકરી અને તેનું સાવ નાનકડું બચ્ચુ ચારો ચરવા માટે નીકળ્યા હતા. થોડાક આગળ ગયાં ત્યાં સામેથી સિંહ આવતો દેખાયો. સિંહને જોતાં જ બકરીના મોતિયા મરી ગયા. બચ્ચાને કહે બેટા સાવજ મામો સામો મળ્યો છે. આપણા બેઉનો એડી સંગાથ નાસ્તો કરી જવાનો. શું કરીશું? આપણને કોણ બચાવશે? બચ્ચુ ભારે હિંમતવાળું હતું, બોલ્યું, મા, તું અમસ્તી ગભરાય છે. સાવજ મામો આપણને કાંઈ નહીં કરે.' એવું કહેતું બચ્ચુ બે ડગલાં ચાલીને સાવજની સામે આવીને ઊભું રહ્યું. એક પગ ઊંચો કરીને કહે, 'એય રામરામ મામા! કેમ છો, તબિયત પાણી સારા છે ને?' સામેથી સાવજને પ્રેમાળ અવાજ આવ્યો, 'એય, રામરામ દીકરા . મારી તબિયત બરાબર છે પણ તમને કોઇ તકલીફ નથી ને?' એમ કહેતા સિંહે ખુબ લાડથી આગલા પગનો પંજો બચ્ચાના માથા પર ફેરવ્યો. પછી બકરી સામે જોઇ ખુબ સ્નેહથી બોલ્યો, 'બકરીબેન તમારી તબિયત કેમ છે? અને આ બાજુ સવાર સવારમાં ક્યાં નીકળ્યાં છો? બકરી તો આ સાંભળી આશ્ચર્યથી અવાચક થઈ ગઈ. થોડેવારે હોંશ આવતાં માંડ માંડ બોલી, 'સારું છે સાવજભાઈ હોં. અમે પેલા તળાવ બાજુ લીલુ ઘાસ છે ત્યાં બ્રેકફાસ્ટ કરવા જઈએ છીએ.' 'ઓક્કે ઓક્કે , કંઈ તકલીફ હોય તો મને ગભરાયા વગર કહી દેજો'એમ કહીને સિંહભાઈ તો બાજુમાં થઈને ચાલતા થયા. જતાં પહેલાં બચ્ચાને 'ટાટા, ડીકા. મમ્મીને હેરાન કરતો નહી .' એવુંય કહેતા ગયા.

બકરીને હજુય સમજાતું નહોતું કે આ કાળજાળ કંસ મામો એકાએક અભિમન્યુનો પ્રેમાળ કૃષ્ણમામો કેવી રીતે થઈ ગયો? બચ્ચાએ કહ્યું 'મા, પ્રવાસીઓએ ફેંકેલા છાપાં તું વાંચ્યા વગર ખાઈ જાય છે એટલે તને કંઈ ખબર નથી. જંગલમાં ચુંટણી જાહેર થઈ છે અને સાવજ એમાં ઉમેદવાર તરીકે ઊભો છે. ચુંટણીનું પરીણામ ના આવે ત્યાં સુધી બધા જોડે એ બહું નરમાશથી વરતશે. એ પછી સામે જવાની કોશિષ કરતી નહીં, નકર એડીઓ સંગાથ ચાવી જશે. ''

શ્રી માયાભાઈની જ એક બીજી વાર્તા પણ મગજના બારણા ખટખટાવી રહી છે . મને થાય છે ભેગાભેગી આ બીજે પણ આપના મગજ પર ફટકારી દઉં. ના ગમે તો માફ કરશો ને?

આપણા ગામડા ગામના રામભાઈ એકવાર હરિદ્વાર ગંગા નાહવા ગયા, હરિદ્વારના રેલવે સ્ટેશને ઉતરી ખભે પોટલું મુકી બહાર રસ્તા પર આવ્યા. ગાડીમાં બરાબરના કંટળ્યા હસે તે થયું લાવ એકાદે ચા પીઉં. એક ચાના ગલ્લે આવી બાંકડા પર બેસી ચાનો ઓર્ડર આપ્યો. ચા આવી, રકાબીમાં કાઢી જેવી મોંઢે અડાડવા જાય છે ત્યાં એક બાર ચૌદ વરસનો ટાબરીયો દોડતો આવીને કહે, 'મામા તમે અહીં ક્યાંથી ?' રામભાઈ વિચારમાં પડી ગયા. આય આટલે દૂર ક્યાંથી મારો ભાણિયો પરગટ થયો છે. બોલ્યા, 'ભાઈ ! કાંઈ ઓળખાણ ના પડી.'' મામા, મને ના ઓળખ્યો ? અરે ત્યાં કાઠિયાવાડમાં હું તમારી બાજુમાં નહોતો રહેતો ? ઈ !' ભાણિયો આવીને રામભાઈની સોડમાં બેસી ગયો. રામભાઈને તો હજીયે કાંઈ યાદ આવતું ન હતું. પણ ભાણિયો કહે 'અરે મામા, હું તમારા માટે બીડીઓ લેવા જતો'તોને વધેલા પૈસામાંથી બરફ ખાઈ જતો'તો અને તમારા ઉંઘવાના ટાને બહાર બધા જોડે લખોટીઓ રમતાં બધાથી વધારે ગોકીરો કરતો' તો ઈ કાળિયો 'રામભાઈને તો કશુંય યાદ આવતું ન હતું.' એટલે કાળિયો કહે 'તમને ભલે યાદ નો આવે પણ હું તમની ઓળખી ગ્યો શું .હું તમારી સંગાથ જ રહેવાનો અને આખું હરદ્વાર બતાડવાનો' રામભાઈને થયું આટલું બધુ કહે છે તો સાવ ખોટું તો નહીં હોય ને? બહુ વરસ થયા હોય તો મને યાદ નાય આવે. કાં નહી ભલે સાથે ફરતો. એમણે ચાની ઓફર કરી, તો કાળિયો કહે, 'આપણે નાહ્યા પહેલા કાય મોંઢામાં નથી ઘાલતા. બીડી ફીડી કશું પીતો નથી. હવે તમી કે'તા હોવ તો કોક રૂમ બતાવું. અને કે'તા હોવ તો પહેલા ગંગાજી નાહી આવીએ. ગામડા ગામના રહેવાશી રામભાઈ એ વિચાર્યું પહેલા ગંગાજીમાં નાહી આવીએ. પછી રૂમ ફૂમનું વિચારીશું. ભાણિયાને કહે. 'લે ચાલ પહેલાં સ્નાન કરી આવીએ. 'ભાણિયાએ તો તરત બિસ્તરો ઉચકી લીધો. બેઉ ચાલતા ચાલતા નદી કાંઠે આવ્યા. રસ્તે ચાલતાં ભાણિયાએ એવી અલકમલકની વાતો કરી કે એક ઘડી રામભાઈને ય થઈ ગયું કે સારું થયું ભગવાને આ ભાણિયાનો મેળાપ કરી આલ્યો,નકર હું આ અજાણ્યા શે'રમાં ક્યાં ફાંફા મારત? ખુશખુશાલ મામો ભાણિયો ગંગાકાંઠે આવ્યા. ભાણિયો કહે 'મામા, પહેલા તમે નાહી લો. હું તો રોજ ગંગામામાં નાહું છું.'

મામાએ કપડાં કાઢ્યા. રોકડ રકમ હતી એ ભાણિયાના હાથમાં આપી. 'તું બેસ અહીં. હું તો મન ભરીને ના'વાનો. થોડીવાર થાય તો કંટાળતો નહીં ' એમ કહી રામભાઈ પાણીમાં ઉતર્યા. થોડેક આઘે જઈ 'જય ગંગામા' કહી આંખો મીંચીને ડૂબકી મારી. રામભાઈ ગામમાં કબડ્ડીના હોશિયાર ખેલાડી ગણાતા એટલે શ્વાસ ખાસો સમય રોકી શકતા. 'હર હર ગંગે' કરતાં જેવું ડોકુ પાણીમાંથી બહાર કાઢ્યું, ભાણિયો જોવા ના મળે. જેવી મામાએ પાણીમાં ડૂબકી મારી કે તરત ભાણિયાએ પોટલા સંગાથ મુઠ્ઠીઓ વાળેલી. પછી રામભાઈની શી દશા થઈ તે આપણે જાણતા નથી.

હવે ચુંટણી જાહેર થઈ ગઈ છે. કાળિયા જેવા સેવાભાવી ભાણિયાઓ આપના આંગણે આવીને પુછશે, 'મામા ! મને નો ઓળખ્યો ?' હવે જો તમે ઓળખી લો તો સારું છે નહીંતર રામભાઈ જેવી દશા થવાની એ વાત નક્કી છે. જો તમે રામભાઈ જેવા ભોળા હશો તો એ ભાણિયો થઈને આવશે. બકરી જેવા નરમ હશો તો એ સાવજ મામો થઈને આવવાનો અને કહેવાનો કે બકરી બેન કેમ છો ? પણ આવવાનો સો ટકા.

રાજેશભાઈ તેમના લેખના અંતે અંત-વાણી શિર્ષક હેઠળ સરસ મઝાના ચબરાકિયાં મુકે છે તેની પણ મઝા માણો.

★ અંગ્રેજીમાં ચુંટણીને પોલ કહે છે.
એટલે જ ચુંટણીમાં પોલમપોલ રહે છે.

★ સરકારો બધી ગઠબંધનની ,
એટલે શરતો બધી હઠ-બંધનની અને શઠ-બંધનની.

★ સુરતની વાનગી લોચાને રાષ્ટ્રીય વાનગીનો દરજ્જો આપવો જોઇએ કારણ કે,
ભ્રષ્ટાચાર કહાસે કહા તક
પહુચા ન થા
કભી યે સોચા ન થા,
કબી યે લોચા ન થા.

★ એવી કઈ નાવ છે, જે તારે પણ અને ડુબાડે પણ ચુનાવ

★ ચુનાવી રાજકારણથી ક્યાં છુટાય છે ?
ઉમેદવારો ચુંટાય
અને મતદારો કુટાય છે

★ ઈસ દેશકે વાસી હમ હૈ
કભી ખુશી કભી ગમ હૈ,
પોલ્યુશનકે મહેરબાની દેખો,
કભી ખાંસી કભી દમ હૈ.
આવજો મિત્રો, ભારત માતાકી જય.

ગુરુકૂળોનો વ્યાપ વધશે તો શ્રેષ્ઠ ભારત - સમર્થ ભારતનું સ્વપ્ન સાકાર થશે...

લાગણીનો મેળો
રસિક વાળંદ

આળી મળ્યું તે દઈશ આંસુડે ધોઈને
ઝાઝેરું જાળવ્યું તે વહેલેરું ખોઈને.
આજ પ્રાણ જાગે તો પૂછવું શું કોઈને?
ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ.
ગમતાનો કરીએ ગુલાલ !
- મકરંદ દવે

●●●

એક કેરાલિયન દંપતી ઘરે આવ્યા. યુવાન આર્મીમેન. છુટ્ટી લઈ સગાં-સ્નેહી પરિચિતોને ખાસ મળવા હેતુસર આવેલાં. સાથે સૌમ્ય-મિતભાષી સહધર્મચારીણી અને નાનકડી લાકડી દીકરી.

યુવાન સંપૂર્ણતઃ ભારતીય સભ્યતાનો ચાહક અને પ્રશંસક જણાયો. એનામાં અદકો રાષ્ટ્રપ્રેમ છલકતો ભાળ્યો. ગૌ માતા પ્રત્યે વિશેષ પૂજ્યભાવ ધરાવતો હતો.

વાતચીત દરમિયાન મળ્યું કે તેને અમદાવાદ-સાબરમતી સ્થિત શ્રી હેમચંદ્રાચારાય સંસ્કૃત પાઠશાળા - ગુરુકુલમની શિક્ષા પદ્ધતિનું વિશેષ ખેંચાણ હતું. આ ગુરુકુલમ્ વેદકાલીન પાઠશાળાનો નૂતન આવિષ્કાર છે. જયાં ભારતના પુર્નનિર્માણની વ્યક્તિ પ્રતિભાનું ઘડતર કાર્ય થઈ રહ્યું છે.

આ વીર જવાનની વાણીનો પ્રધાનસૂર એ હતો કે, જો પાલક અને બાલક સુસંસ્કૃત, ધાર્મિક અને સભ્ય હશે તો ધર્મ, સમાજ અને રાષ્ટ્ર નો બહુમુખી વિકાસ અસંભવ નહીં રહે.

આ આર્મીમેનની અડગતા અને જોશીલા મક્કમતા અહોભાવ જાગી ગઈ !!!

દોસ્તો, ઈ.સ. ૧૮૫૦ સુધી આ દેશમાં ૭ લાખ ૩૨ હજાર ગુરુકુલ હતા. જે ઈ.સ. ૧૮૫૩માં લોર્ડ મેકોલે એ કાયદાકીય રીતે ગુરુકુળોને અવૈદ્ય ઘોષિત કર્યા. ત્યારબાદ કલકત્તા, મદ્રાસ અને મુંબઈ યુનિવર્સિટીઓ રચી ભારતીય શિક્ષણ પ્રધાને જડમૂળથી ઉખેડી ફેંકી દીધી. આ મેકોલે એ પિતાને પત્ર લખી જણાવ્યું કે, 'આ કૉન્વેટ સ્કૂલોમાંથી એવા બાળકો તૈયાર થશે જે દેખાવે ભારતીય હશે પરંતુ દિમાગથી અંગ્રેજ હશે. જે પોતાના દેશ વિશે, પોતાની પરંપરાઓ વિશે સદંતર અજાણ હશે.'

મેકોલેના આ પ્રસિદ્ધ પત્રની સચ્ચાઈ આજે આપણી આંખ સામે તરવરતી જોવા મળે છે. આવી અંગ્રેજી શિક્ષણ પ્રથા સામે માનનીય ઉત્તમભાઈ શાહે એક સશક્તને સફળ વિકલ્પ ઊભો કર્યો છે. એક વાર આ 'ગુરુકૂલમ્' ની મુલાકાત લેવા જેવી છે. મુ. શ્રી ઉત્તમભાઈના સર્વોત્તમ એવા ગુરુકૂલમને સાદર નમન... વંદન...!!!

દોસ્તો,

મુલ્લા નસરુદ્દીન એક જહાજમાં સફર કરી રહ્યા હતા. જહાજમાં એક તિરાડ પડી. ભાગદોડ મચી ગઈ. પરંતુ મુલ્લાજી તો નિરાંતે આરામ ફરમાવી રહ્યા હતા. જયારે કાલે ડૂબતું હોય તો આજે ડૂબે. જહાજ મારા બાપનું થોડું છે?

મિત્રો, આજે આંખ સામે દેશ ડૂબી રહ્યો છે છતાં પેલા મુલ્લામ નસરુદ્દીનની જેમ બધા પોતાની દુનિયામાં ખોવાયેલા જોવા મળે છે.

સમાજમાં વકરતી જતી કિંકર્તવ્યમૂઢતા શતમુખ વિનિપાત નોંતરે એ પહેલા જાગવું રહ્યું.

આપણી આંખ સામેના વાસ્તવ જગતમાં પશ્ચિમી રીતભાત એક Status Symbol તરીકે ઊભરી રહી છે. બોલચાલ, વાણીવર્તન, ખાણી-પીણી, કપડે લત્તે ભારતીય મટવા માંડ્યા છીએ. આપણેય ગુજરાતીપણું ગુમાવી 'ગુજરેજી' ગણાવા લાગ્યા !

ફુગાવાના સ્તરે પહોંચેલા આજના શિક્ષણે સ્માર્ટ ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, લોયર્સ વગેરે વગેરે... ખડકી દીધા... મસમોટી ડિગ્રીઓ - લાયકાત મેળવનારાઓ કિંમતી એવી 'માનવતા'ની લાયકાત મેળવવાની ચૂકી ગયા છે. આ સત્ય સમાજને આજે અકળાવી રહ્યું છે.

માતૃભાષા, માતૃભૂમિ, પોતાની સંસ્કૃતિ અને સ્વધર્મ છોડી અંગ્રેજ પરસ્તી શિક્ષણ પ્રત્યેનો ઝુકાવ સાચે જ આત્મઘાતક પુરવાર થયો છે.

હવે સમયની પુકાર છે. આપણા મૂળભૂત હિન્દુસ્તાની વારસાને જાગ્રત કરવાની... આપણા મૂળભૂત ભારતીય સંસ્કારોના પુનરુત્થાનની વેદકાલીન સંસ્કૃતિમાંથી તાજગી મેળવવાની...

મિત્રો, બહારનું લોહી લેવામાં વાંધો નથી પણ આપણામાં મૂળભૂત સંસ્કારો જે પ્રવાહમાંથી ઊતરી આવ્યા છે એ ભારતીય સભ્યતા પ્રત્યે આંખ આડા કાન કેમ કરી શકાય ?

આ તો 'ભારત' ભૂમિ છે. 'ભા' એટલે પ્રકાશ - જ્ઞાનરૂપીપ્રકાશમાં 'રત' એટલે ભારત. જ્ઞાનની સાધનામાં વ્યસ્ત લોકોની ભૂમિ... ઋષિ ભૂમિ છે.

આવાં ગુરુકૂળો નો વ્યાપ વધશે તો શ્રેષ્ઠ ભારત - સમર્થ ભારતનું સ્વપ્ન સાકારિત કરી શકીશું... ભારત વિશ્વગુરુના સ્થાને વિરાજી શકશે.

સ્પર્શમણિ
ભલે આજે લોકો
વેસ્ટર્ન કલ્ચરની પાછળ ભાગે છે.
પણ એક વાર વિચારવા જેવી છે કે
સૂરજ પણ જયારે જયારે વેસ્ટમાં જાય છે,
ડૂબી જ જાય છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949